# પબ્લિક લાઇબ્રેરી

પબ્લિક લાઇબ્રેરી એક તમામ માટે એક મફત સુવિધા છે.  એમાં ફક્ત પુસ્તકો જ નહીં, પણ સાથે સાથે સંગીત, ફીલ્મ, અને ઉપયોગી માહિતી મળે છે તેમ જ કોમ્પ્યુટર વાપરી શકાય છે.  તમારા વિસ્તારમાં જરૂર એક લાઇબ્રેરી હશે જ.  તમે કોઇ દિવસ પબ્લિક લાઇબ્રેરીમાં ના ગયા હો તો ત્યાં શું મળે, શાની અપેક્ષા રખાય એની માહિતી અત્રે આપેલ છે.

# Welcome To Your Library

# લાઇબ્રેરી તમારૂં સ્વાગત કરે છે

## પબ્લિક લાઇબ્રેરી મને કેવી રીતે મદદરૂપ થઇ શકે?

**જવા-બેસવા માટે ઠેકાણું**

લાઇબ્રેરીનો ઉપયોગ કરવા માટે એના મેમ્બર થવાની જરૂર નથી.  ત્યાંથી કોઇ બુક કે અન્ય વસ્તુ ઉછીની લઇ જવી હોય તો જ મેમ્બર થવું પડે છે.  *કોઇ પણ વ્યક્તિ* લાઇબ્રેરીમાં જઇને કોઇ બુક, મૅગેઝીન (સામયિક) કે છાપું જોઇ-વાંચી શકે છે તથા કોઇ શાંત ખૂણો શોધી ત્યાં નિરાંતે બેસી શકે છે.

- લાઇબ્રેરીના કાર્યકરો તમને જોઇતી વસ્તુ મેળવવામાં મદદ કરશે તેમ જ તમારા કોઇ સવાલના જવાબ આપવા તત્પર હશે.  પણ એની સાથે તમારે વાત કરવી જ પડે એવું નથી.
- અંગ્રેજી તમારી મુખ્ય ભાષા ના હોય તો તમારી ભાષાના પુસ્તકો કે સામયિકો કદાચ લાઇબ્રેરીમાંથી મળી રહેશે.

## માહિતી મેળવવા માટે

- કોઇ પણ જાતની માહિતી મેળવવા માટે પબ્લિક લાઇબ્રેરી પ્રથમ પસંદગી ઉતારવા જેવી ઉત્તમ જગા છે. ત્યાં તમે પુસ્તકો જોઇ શકો અને કોમ્પ્યુટર વાપરી શકો તેમ જ પત્રિકાઓ લઇ જઇ શકો.
- કરજ, ભણતર, રોજગાર, સ્વાસ્થ્ય, રહેઠાણ, ઇમીગ્રેશન અથવા બેનિફિટ બારામાં મદદરૂપ નીવડે એવા ઉચ્ચ કોટિના જાણકાર તરફ લાઇબ્રેરીના કાર્યકરો તમને અંગુલી-નિર્દેશ કરી શકશે.  આ કાર્યકરો લોકલ પ્રવાસ વિષે માહિતી પૂરી પાડી શકશે, તેમ જ લોકલ સેવા-સુવિધાઓ વિષે તથા સમાજ-લક્ષી સંસ્થાઓ વિષે જાણકારી આપી શકશે.

- સમાજ-લક્ષી સંસ્થાઓ પોતાના કાર્યક્રમો તથા પ્રવૃત્તિઓ માટે વાપરી શકે એવા નાના-મોટા રૂમ પણ ઘણી લાઇબ્રેરીઓમાં હોય છે.

# વાંચો, શીખો અને માણો

- તમે લાઇબ્રેરીમાં જોડાવ તો પુસ્તકો ઉછીના લઇ જવાનો કોઇ ચાર્જ નથી લાગતો. ટેપ, વિડીયો, ડીવીડી, દુનિયાભરમાંથી સંગીત અને બીજી અમુક આઇટમ પણ લગભગ ઉછીની લઇ જઇ શકાય છે, જો કે આ સૌને માટે થોડો ચાર્જ લાગે છે.
- 'ઓન-લાઇન' કોમ્પ્યુટર કોર્સ શોધવામાં, અંગ્રેજી ભાષા શીખવામાં યા અંગ્રેજીનું જ્ઞાન વધારવામાં તથા અંકગણિત શીખવામાં, અને તમે કરેલ કામની ઇતિહાસ-નોંધ તૈયાર કરવામાં તમને લાઇબ્રેરીના કાર્યકરો મદદ કરી શકશે, જેથી તમને કામ શોધવામાં સુગમતા પડે.
- ઇન્ટરનેટ વાપરવાનું શીખી લાઇબ્રેરીમાં તાજા સમાચારો તમારી પોતાની ભાષામાં તમે મેળવી શકશો તેમ જ તમારા સ્નેહીઓ તથા મિત્રમંડળને દેશ-પરદેશમાં તમે (ઇ-મેઇલ મારફત) સંદેશા મોકલી શકશો.
- અમુક લાઇબ્રેરીમાં બાળકોને ઘરલેસનમાં મદદ મળી શકે છે. ઘણી વખત, ખાસ કરીને સ્કૂલની રજાઓ દરમ્યાન, વાર્તા-કથન અને અન્ય પ્રવૃત્તિઓમાં બાળકો મફતમાં જોડાઇ શકે છે. ઉપરાંત નાના ભૂલકાંઓ (બાળકો) માટે પણ પ્રવૃત્તિઓ હોય છે અને એને લાયક રમકડાં પણ હોય છે.

# હું લાઇબ્રેરી સુધી ના જઇ શકું તો લાઇબ્રેરી મારી પાસે આવે?

- ખાસ મોટા વાહનમાં હરતી-ફરતી બહુમુકામી (મોબાઇલ) લાઇબ્રેરીનું વાહન કદાચ તમારા ઘર પાસે પડાવ નાખતું હશે; અથવા, તમે કોઇની મદદ વગર ઘરની બહાર જ ના નીકળી શકતા હો તો ઘરબેઠે મળતી લાઇબ્રેરી સેવા વિષે પૂછો.

# મેમ્બર કેવી રીતે થવાય?

- કોઇ પણ ઉંમરે મેમ્બર થઇ શકાય છે; સાવ નાનાં ભૂલકાં પણ મેમ્બર થઇ શકે છે.
- તમારી ઓળખ સાબિત કરવા માટે અમુક લાઇબ્રેરી એકાદ ઓળખપત્ર માગે છે, અમુક લાઇબ્રેરી વધારે કાગળિયાં માગે છે. તમારા વિસ્તારમાં શું જોઇએ એ વિષે લાઇબ્રેરીના કોઇ કાર્યકરને પૂછો.
- તાજેતરના કોઇ કાગળિયાં, જેમ કે ગૅસ કે વીજળીનું બીલ અથવા તમે નિર્વાસિત યા શરણાર્થી હો તો ગૃહખાતામાંથી મળેલ કોઇ દસ્તાવેજ, તમારે માટે ઓળખપત્ર બની રહેશે.

# મારી નજીકની લાઈબ્રેરી ક્યાં હશે એ કેવી રીતે જાણવુ?

દરેક કાઉન્સિલની વેબસાઈટ ઉપર પોત-પોતાના વિસ્તારની લાઈબ્રેરીઓ વિષે માહિતી હોય છે, યા તો યુ.કે.ભરની પબ્લિક લાઈબ્રેરીઓની પૂરી નામાવલિ અહીં જુઓ.